બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

**નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ લાલજી - રામાનંદ સ્વામીને (૫૧/૧૦૨)

➪ શેખપાટના લાલજીએ કચ્છમાં જઈને રામાનંદ સ્વામીને કહ્યું : 'મયારામ ભટ્ટે મને કહ્યું કે લોજમાં નીલકંઠવર્ણી આવ્યા છે, તે આપના કરતાંય સમર્થ છે, મને થયું કે આપને આવીને વાત કરું કે મયારામ આપના નામે નીલકંઠવર્ણીનો મહિમા ચલાવે છે.' ત્યારે.

૨. ➪ ઘનશ્યામ - રઘુનંદનને (૩/૫)

➪ નારાયણ સરોવરે આંબાના ઝાડ નીચે ધ્યાન કરતાં કરતાં ઘનશ્યામના વિરહમાં રઘુનંદને પોતાનો દેહ ત્યજી દીધો. રઘુનંદનને મરેલો જોઈ તેના માતાપિતા શોકાતુર હૃદયે રોવા લાગ્યા. તેમનું રુદન સાંભળી દિવ્યરૂપે આવીને રઘુનંદનને સજીવન કરતાં કહે છે.

૩. ➪ નીલકંઠવર્ણી - બાવાઓને (૨૦/૩૫,૩૬)

➪ પિબૈકે એક વડના ઝાડ ઉપર અડદના દાણા નાખ્યા અને ઝાડ સુકાઈ ગયું. બાવાઓ આ જોઈને ગભરાયા. તેઓ ગળા પર હાથ નાંખી કંઠી તોડવા પ્રયત્ન કરવા લાગ્યા ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વંશીપુરના લોકોને અત્યંત આશ્ચર્ય થયું. (૧૦/૧૭)

જ. વંશીપુરના રાજાએ પોતાના રાજવી અશ્વ ઉપર નીલકંઠવર્ણીને બેસાડ્યા અને પોતે ઘોડાની સરક પકડી ઘોડાને દોરવા લાગ્યા. વર્ણીને રાજા પોતાના ઘોડા ઉપર બેસાડી લઈ આવ્યા તે વાતનું વંશીપુરના લોકોને અત્યંત આશ્ચર્ય થયું.

૨. ભગવાનદાસે નીલકંઠવર્ણીને ભગવાન જાણ્યા. (૩૧/૬૦)

જ. પોતાની માતાએ ભગવાનની ઓળખ માટે આપેલી નિશાનીરૂપે ભગવાનદાસે નીલકંઠવર્ણીના જમણા પગમાં નવ અને ડાબા પગમાં સાત ચિહ્નો જોયા. નીલકંઠવર્ણીનો પડછાયો જોયો નહિ. તેથી ભગવાનદાસે નીલકંઠવર્ણીને ભગવાન જાણ્યા.

૩. નીલકંઠવર્ણીએ ઊભા થઈને થાંભલાને બાથ ભીડી. (૪૮/૯૪)

જ. રામાનંદ સ્વામીએ મયારામ ભટ્ટને કહ્યું : 'લોજ જઈને નીલકંઠવર્ણીને કહેજો કે, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે.' થોડા દિવસ બાદ મયારામ ભટ્ટ અને આણંદજીભાઈ લોજ આવી રામાનંદ સ્વામીની આજ્ઞાની વાત કરતાં તરત જ નીલકંઠવર્ણીએ ઊભા થઈને થાંભલાને બાથ ભીડી.

**પ્ર.૩** 'શિવ-પાર્વતી દર્શને' (૩૨/૬૨) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વનવિચરણ દરમ્યાન ભૂતપુરીના માર્ગે નીલકંઠવર્ણીને અન્નજળ ન મળતાં ચાર દિવસના ઉપવાસ થયા. ચાલતાં ચાલતાં પાંચમા દિવસે નીલકંઠવર્ણી અચેતન થઈને ભૂમિ પર પડી ગયા. થોડીવારે જાગ્રત થતાં થોડે દૂર એક કૂવો જોયો. નીલકંઠવર્ણી ત્યાં પહોંચ્યા. કૂવાનું પાણી ઊંડું હતું. વેલડીની દોરડી બનાવીને કઠારી દ્વારા પાણી બહાર કાઢ્યું અને નિત્યક્રમ કર્યું. પછી પાત્રમાં શાલિગ્રામને મૂકીને કઠારીથી પાણી ભરીને શાલિગ્રામ પર રેડ્યું. ત્રણ ચાર કઠારી જળ શાલિગ્રામ પર નાખ્યું બધું જ જળ શાલિગ્રામ પી ગયા. નીલકંઠવર્ણીના મનમાં થયું : શાલિગ્રામને આટલી બધી તરસ લાગી છે તો ભૂખ પણ લાગી હશે, પણ અન્ન લાવવું ક્યાંથી ? પોતે સ્વયં ભગવાન હતા છતાં ભક્તોને ભક્તિનો પાઠ શીખવવા નીલકંઠવર્ણી શાલિગ્રામની ભક્તિમાં વ્યાકુળ થઈ ગયા. કેવી રીતે જમાડીશું ? તેમ વિચાર કરવા લાગ્યા. ત્યારે શિવ-પાર્વતી કાપડી (બાવો-બાવીના) વેશે એક પુરુષ અને સ્ત્રી પોઠિયા પર બેસીને આવ્યાં. નીલકંઠવર્ણીએ તેમનો પરિચય માંગ્યો. સ્ત્રીએ કહ્યું : 'આ શિવજી છે અને હું સતી છું. આપ આટલા દિવસથી ભૂખ્યા છો

તેથી આપના માટે સાથવો ને મીઠું લાવ્યા છીએ. શાલિગ્રામને ધરીને નીલકંઠવર્ણી મીઠું અને સાથવો જમ્યા. નીલકંઠવર્ણીની સેવા કર્યાથી શિવપાર્વતી અત્યંત આનંદિત થઈ ગયાં. પછી પ્રણામ કરી, નીલકંઠવર્ણીના આશિષ લઈ આકાશમાર્ગે અદૃશ્ય થઈ ગયાં. અહીંથી આગળ વધીને નીલકંઠવર્ણી ભૂતપુરીમાં પહોંચ્યા. અહીં દર્શન કરીને તોતાદ્રિ પહોંચ્યા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. નીલકંઠવર્ણી કોની પાસે અષ્ટાંગયોગ શીખ્યા હતા ? (૧૭/૩૧)

જ. નીલકંઠવર્ણી ગોપાળયોગી પાસેથી અષ્ટાંગયોગ શીખ્યા.

૨. નીલકંઠવર્ણીએ ક્યારે ગૃહત્યાગ કર્યો ? (૧/૧)

જ. નીલકંઠવર્ણીએ વિ. સં. ૧૮૪૮ના અષાઢ સુદ ૧૦ ના વહેલી પ્રભાતે ગૃહત્યાગ કર્યો.

૩. નીલકંઠવર્ણીએ તાંદળજાની ભાજી શા માટે ન તોડી ? (૨૭/૪૯)

જ. નીલકંઠવર્ણી તાંદળજાની લીલી ભાજીમાં પણ જીવ છે, એમ જોતાં હોવાથી ભાજી ન તોડી.

૪. નીલકંઠવર્ણીએ શા માટે દિવાલનું છિદ્ર પૂરી દીધું ? (૪૭/૯૩)

જ. આ જે દીવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે માટે નીલકંઠવર્ણીએ દિવાલનું છિદ્ર પૂરી દીધું. **અથવા** સાધુઓએ સ્ત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે યોગ્ય ન લાગવાથી નીલકંઠવર્ણીએ દિવાલનું છિદ્ર પૂરી દીધું.

૫. નીલકંઠવર્ણીએ કેટલાં વર્ષ, કેટલા માસ અને કેટલા દિવસ વનવિચરણ કર્યું ? (૪૩/૮૮)

જ. નીલકંઠવર્ણીએ સાત વર્ષ, એક માસ અને અગિયાર દિવસ સુધી વનવિચરણ કર્યું.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, ૪ (૧૩/૨૩)    **૨.** ૩, ૪ (૪૮/૯૫)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** ૧૨ (૧૪/૨૪)  **૨.** આત્માનંદ સ્વામી (૪૦/૭૭)  **૩.** જેતપુર (૫૫/૧૦૯, ૧૧૧)  **૪.** રણબહાદુર (૧૮/૩૨)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, અગિયારમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ ઝીણાભાઈ - મહારાજને (૪/૨૯)

➪ ઝીણાભાઈ માંદા પડ્યા ત્યારે મહારાજ ગઢડાથી જૂનાગઢ જઈ ખાટલાના ઓશીકે જઈને બેઠા. ત્યારે મહારાજે તેમના દીકરા હઠીસિંહની કંઈ ભલામણ કરવા માટે પૂછ્યું ત્યારે કહે છે.

૨. ➪ બ્રહ્માનંદ સ્વામી - મહારાજને (૧/૭)

➪ બ્રહ્માનંદ સ્વામીનું શરીર સ્થૂળ હતું. તેથી તેમણે મહારાજ પાસે થોડું વધારે કંતાન માંગ્યું. ત્યારે મહારાજે વધારે કંતાન આપવાની ના પાડી ત્યારે બ્રહ્માનંદ સ્વામી ઉપર, નીચે એમ ચારેય બાજુ જોતાં કહે છે.

૩. ➪ શાસ્ત્રીજી મહારાજ - નિર્ગુણસ્વામીને (૭/૫૧)

➪ માંદગી આવતાં અંતિમ સમય હોય એવું જણાતાં તેઓ શાસ્ત્રીજી મહારાજને ધામમાં લઈ જાઓ એમ કહે છે ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી. (૪/૩૦)

જ. કમળશી વાંઝાનો ખાટલો ઝીણાભાઈએ ખભે લીધો હતો, તેથી મહારાજે ઝીણાભાઈને પણ ખભે લીધા અને કમળશી ભક્તનો ખાટલો લઈને ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા હતા તેથી બમણાં ડગલાં ઝીણાભાઈની નનામી ઉપાડીને મહારાજ ચાલ્યા.

૨. લાડુદાનજીના કુટુંબીજનો ગઢપુર આવ્યાં. (૧/૩)

જ. લાડુબા અને જીવુબાની દિવ્ય વાણીથી લાડુદાનજીને અંતરમાં ચોટ લાગવાથી મહારાજ પાસે આવી વસ્ત્રાભૂષણો ઉતારી દીધાં અને સાધુ બનાવવા વિનંતી કરતાં મહારાજે તેમને દીક્ષા આપી શ્રીરંગદાસ નામ પાડ્યું. તેમના મામાએ ખાણ ગામમાં જઈને કુટુંબીઓને ગઢપુરમાં બનેલી વાત કહી. તેથી લાડુદાનજીને સમજાવવા સર્વ કુટુંબીજનો ગઢપુર આવ્યાં.

**પ્ર.૯** 'જોબન પગીનું પરિવર્તન' (૫/૩૧) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વરતાલના મહાન લુટારું જોબન પગીની હાક આખા ગુજરાતમાં વાગતી, એનું તીર ચાલતું, કોઈથી એનું નામ ન દેવાતું. સો સો ગાઉ સુધી ચોરી કરવા તે જતો. છતાં પકડાતો નહીં, ધોળે દિવસે સૌને લૂંટતો. નીલકંઠવર્ણીરૂપે મહારાજ વરતાલ પધાર્યા. જોબનને વર્ણીનો યોગ થયેલો પણ અસુરભાવને લીધે તેનું વિસ્મરણ થયેલું. ત્યાર પછી ઘણા વર્ષે મહારાજ માણકી લઈને વરતાલમાં બાપુજીભાઈના ઘેર પધાર્યા. એ વખતે જોબનને તેમનો રોઝો ઘોડો ચોરી ભગવાનપણાનું પારખું કરવાની ઈચ્છા થઈ. રાત્રે બાપુજીભાઈની ખડકીએ ગયો. પણ તે પકડાઈ જતા હતાશ થઈને પાછો આવ્યો. થોડા વર્ષો બાદ મહારાજે ડભાણમાં મોટો યજ્ઞ કર્યો. હજારો હરિભક્તો એમાં પધારેલા, કાઠી દરબારોના પાંખાળા ઘોડાઓ અને રોઝા ઘોડાને ગામના પાદરે બાંધેલો, જોબનનું મન લલચાયું : 'એવો ઘોડો આપણે હોય તો એક રાતમાં સેંકડો ગાઉની મજલ કાપી લૂંટ કરવાનું સારું ફાવે.' અંધારી રાતે તેણે ઘોડારમાં પ્રવેશ કર્યો. જ્યાં ખીલેથી રોઝા ઘોડાની સરક છોડવા જાય છે, ત્યાં પ્રકાશના કુંડાળાં જોબને જોયાં. ઊંચી દૃષ્ટિ કરી તો જરિયાન વસ્ત્રોમાં શોભતા ભગવાન સ્વામિનારાયણ દેખાયાં. હાથ પાછો પડ્યો. પાછે પગે ભગવાનથી દૃષ્ટિ છુપાવતો જોબન અંધારામાં સરકી ગયો. હજારો ભક્તોની વિશાળ સભામાં સૌ મહારાજની મૂર્તિ એકીટશે નિહાળી રહ્યા હતા. ત્યારે એક અજાણ્યો પણ તીખો માણસ એકદમ મંચ પર કૂદકો મારી મહારાજના ચરણોમાં નમી પડ્યો ને માફી માગતાં પ્રાર્થના કરી પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધું ! દયા કરો. મારું મહાપાપ મટાડો. મહારાજે નિયમ ધરાવ્યા ચોરી આદિ કુકર્મોનો ત્યાગ કરાવ્યો. સંવત ૧૮૬૬ના પોષ માસના શુકલ પક્ષથી જોબને લૂંટફાટ છોડી અને મહારાજનો અંગરક્ષક બની ગયો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. રણછોડરાયે દર્શન આપી આશાભાઈને શું કહ્યું ? (૮/૫૩)
જ. કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. આજે સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રગટ વિચરે છે.

૨. દેવાનંદ સ્વામીના આશીર્વાદથી દલપતરામ શું બન્યા ? (૨/૧૪)
જ. દેવાનંદ સ્વામીના આશીર્વાદથી દલપતરામ કવીશ્ર્વર બન્યા.

૩. જેઠાભાઈને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કોણે દૃઢ કરાવી હતી ? (૭/૪૩)
જ. જેઠાભાઈને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા યજ્ઞપુરુષદાસજીએ દૃઢ કરાવી.

૪. મુનિબાવાને સત્સંગ કોણે કરાવ્યો ? (૧/૪)
જ. મુનિબાવાને સત્સંગ 'બ્રહ્માનંદ સ્વામીએ' કરાવ્યો.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : ભક્તરાજ દરબાર શ્રીઝીણાભાઈ (૪/૨૩)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૭ | ૧ | ૧૧ | ૩ | ૫ | ૯ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧. ભક્તરાજ જીવુબા :** પ્રગટ ભગવાન પોતાના ઘરમાં જ રહ્યા છે. પોતે તેમને ઓળખી ન શક્યા અને મારવા માટે તલવાર લઈને તૈયાર થયા તે વાતનું એભલખાચરને દુઃખ થયું. (૬/૩૯)

**૨. સ્વામી યજ્ઞપ્રિયદાસજી :** પોતાની કસોટી કરવા ભગવાનનું જ આ કર્તવ્ય છે, એમ તેમણે ધારી લીધું. રદ્દુથી ખીચડી મંગાવી ત્યારે સૌ જમ્યા. બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. (૮/૫૭)

**૩. સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી :** રયા ખટાણે થૂલી અને દૂધની તાંસળી મહારાજ આગળ ધરી. અંગરખાની બાંય કોણીએ ચડાવી, પગ ભોંયે લટકતા રાખી, જોડ્યા ગાડાની ધૂંસરીએ બેઠા બેઠા દૂધ અને થૂલી મહારાજ આરોગવા લાગ્યા. (૨/૧૩)

**૪. ભક્તરાજ જોબન પગી :** પાટીદારના ફળિયામાં એક બાવો આવ્યો છે. સૌ એને ભગવાન માને છે. આપણે એનું ભગવાનપણું તો જોઈએ. (૫/૩૧)

(વિભાગ - ૩ : નિબંધ)

પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

**૧. જીવન ઘડતરનો આધાર - મંદિર :** (૧) મંદિરોના નિર્માણ માટે શ્રીજીમહારાજનો વચનામૃતમાં અભિપ્રાય. (૨) ઉપાસના માટે મંદિરો - મુમુક્ષુ જીવો મંદિરમાં આવે, દર્શન કરે, કથાવાર્તા સાંભળે, ભક્તિ ઉદય થાય તેથી જીવન પરિવર્તન થાય. (પ્રસંગો લખવા) (૩) મંદિરમાં આવવાથી સંતોનો સમાગમ થાય તેથી સેવાની ભાવના જાગે, સમર્પણ ભાવ જાગે, સંસ્કારની વૃદ્ધિ - મુમુક્ષુ જીવ વ્યસન તેમજ દૂષણોની ચૂંગાલમાંથી છૂટી જાય. (પ્રસંગો) (૪) સેવા કરવાની ભાવના જાગવાથી સેવામાં જોડાય. કોઈપણ પ્રકારની સેવા કરવાથી દેહાભિમાન ઘસાય, નમ્રતા આવે, બાહ્ય દોષો નાબૂદ થાય. સત્પુરુષનો યોગ થવાથી, તેમની કથાવાર્તા સાંભળવાથી આંતરિક દોષોની ધીમે ધીમે નાબૂદી - કથા-વાર્તાથી જીવનમાં સ્થિરતા આવે, સુખદુઃખમાં કે ગમે તેવા કપરા સંજોગોમાં ટકી રહેવાનું બળ પ્રાપ્ત થાય, સ્વભાવો, પ્રકૃતિ-વાસના ધીમે ધીમે દૂર થાય - અહંભાવ ટળે, દાસભાવ આવે અને બ્રહ્મરૂપ થવાના માર્ગે ચાલવાનું બળ મળે. (પરિવર્તનના પ્રસંગો લખવા. દારેસલામના સુભાષભાઈ વગેરે) (૫) શ્રીજીમહારાજથી માંડીને વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજે જીવનઘડતર માટે આથી જ મંદિર નિર્માણ કાર્યને અગ્રસ્થાન આપ્યું છે. દેશ-વિદેશમાં અનેક મંદિરોનું નિર્માણ કરીને મંદિર નિર્માણના કાર્યમાં અગ્રેસર રહીને વિશ્વવિક્રમ સ્થાપ્યો છે. (પ્રસંગો) - ઉપસંહાર.

**૨. પારિવારિક એકતાના ચાર સિદ્ધાંત :** (૧) વર્તમાનકાળે સમાજમાં ઘણા પ્રશ્નો - પણ તેમાં સૌથી અગત્યનો પ્રશ્ન કૌટુંબિક જીવનનો - અનેક કુટુંબોથી સમાજની રચના - તેથી જો કુટુંબ સુખી તો સમાજ સુખી - એટલે કે કુટુંબમાં સ્થિરતા અને શાંતિ તો સમાજમાં પણ સ્થિરતા અને શાંતિ. (૨) તેથી જ સ્વામીશ્રીનું પારિવારિક સ્થિરતા, શાંતિ એકતા માટેનું અભિયાન ઘરસભા - ઘરસભાથી અનેક પ્રશ્નોના ઉકેલ મળ્યા છે. (પ્રસંગો) આ ઉપરાંત પરિવારમાં એકતા લાવવા માટેના ચાર મુખ્ય સિદ્ધાંતો. (૩) **સિદ્ધાંતો : ૧. મિલન :** કુટુંબમાં સભ્યો એકબીજાને દિવસમાં એક વાર તો મળે જ એવી વ્યવસ્થા કરવી - નોકરી, ધંધો, અભ્યાસ તેમજ અન્ય પ્રવૃત્તિઓને કારણે ન મળાય તો દિવસમાં એક વખત સાંજે સમૂહ ભોજન અને ઘરસભા - આ સામૂહિક મિલનથી કુટુંબના ઘણા પ્રશ્નો હલ થઈ ગયા છે અને થશે. **૨. મહિમા :** ઘરના દરેક સભ્યોનો મહિમા જાણવો આવશ્યક - દરેકમાં કોઈકને કોઈક આવડત તો હોય જ - તેને બિરદાવવી - પ્રોત્સાહન આપવું - નાના બાળકને પણ ઘરના અન્ય સભ્યો જેવું જ સ્થાન અને માન આપવું - વડીલોનું માન રાખવું - મહિમા સમજવો. **૩. મદદ :** કૌટુંબિક એકતાની ભાવના ક્યારે જાગે ? એકબીજાને કામમાં મદદ કરવી. યોગીજી મહારાજની સંપ, સુહૃદભાવની ભાવના નજર સમક્ષ રાખવી - એક બીજાનું કાર્ય કરી લેવાથી એકતાનો સેતુ રચાય છે. (પ્રસંગો) **૪. માફી :** ક્ષમાવૃત્તિ જેવો મોટો કોઈ ગુણ નથી. યોગીજી મહારાજનો, પ્રમુખસ્વામી મહારાજનો અભિપ્રાય - માફી માગવાની અને માફી આપવાથી એકતા વધે - પ્રશ્નોનો સુમેળભર્યો અંત આવે (પ્રસંગો) માફી આપ્યા પછી તે વાતને ભૂલી જવી. માફી માંગી લેવાથી કુટુંબમાં શાંતિ સ્થપાય. (પ્રસંગો) (૪) આમ, પારિવારિક એકતા માટે ઉપરના ચાર સિદ્ધાંતો અમલમાં મૂકવાથી એકતા, સંપ વધશે અને શાંતિ જળવાશે - ઉપસંહાર.

**૩. ૯૦ વર્ષે પણ અજોડ સૂત્રધાર - પ્રમુખસ્વામી મહારાજ :** (૧) એવું કહેવાય છે કે 'સાઠે બુદ્ધિ નાસે (નાઠી)' એટલે કે સાઠ વર્ષની ઉંમર બાદ અથવા નિવૃત્ત થયા બાદ મનુષ્યની કાર્યક્ષમતા ઘટી જાય. (૨) સ્વામીશ્રીની બાબતમાં આ કહેવતથી તદ્દન વિપરિત પરિસ્થિતિ - સ્વામીશ્રીની વયવૃદ્ધિની સાથે જાણે નિર્ણય શક્તિ અને બુદ્ધિ પ્રતિભામાં પણ વૃદ્ધિ (પ્રસંગો) (૩) લગભગ ૮૦ની વયના આશરે પહોંચેલ વ્યક્તિ, હૃદયના ઓપરેશન બાદ બહુ ઓછી વ્યક્તિઓ રચનાત્મક કાર્ય કરતી જોવા મળે. સ્વામીશ્રી બાયપાસ સર્જરીના ઓપરેશન બાદ બાર વર્ષ પછી પણ તેટલા જ સ્વસ્થ - ગજબની નિર્ણય શક્તિ - એક દિવસમાં ઓછામાં ઓછી સો વ્યક્તિની મુલાકાત - પત્રો, ફોન વગેરેમાં રસ લે છે. (પ્રસંગો) (૪) સંસ્થાના અગત્યનાં કાર્યો માટેની મીટીંગમાં પણ સ્વામીશ્રીની નિર્ણય શક્તિ ઝળકી ઉઠે - દિલ્હી અક્ષરધામનું નિર્માણ, અન્ય સામાજિક કાર્યો - અન્ય મંદિરોનાં નિર્માણ કાર્યો - સંતો-હરિભક્તોની સંભાળ - મુલાકાતીઓને અનેક મૂંઝવણોમાં સચોટ માર્ગદર્શન - (પ્રસંગો) (૫) શારીરિક બિમારી, થાક, કંટાળો વગેરેને સ્વામીશ્રીએ ગણકાર્યા નથી. સ્વામીશ્રીના જીવનમાં તેનું સ્થાન જ નથી. 'કંટાળા' શબ્દ પ્રત્યે સ્વામીશ્રીને જાણે કંટાળો - સૂત્રધાર એટલે મુખ્ય વ્યક્તિ, સંસ્થા કે કુટુંબની તે અન્ય ક્ષેત્રમાં સૂત્રધાર હોય તે અમુક સમયે તો નિવૃત્તિ ઈચ્છે જ પણ સ્વામીશ્રી નિવૃત્તિ ઈચ્છતા જ નથી. સંસ્થા, ભક્તો, ઈષ્ટદેવ, ગુરુ તે જ તેમનું જીવન અને આ બધા માટે કરવાની પ્રવૃત્તિ તે જ તેમને માટે નિવૃત્તિ (પ્રસંગો) (૬) તેથી જ સ્વામીશ્રી ૯૦ વર્ષે પણ અજોડ સૂત્રધાર - ઉપસંહાર.

❑ ❑ ❑